દુશ્મન નો ઉપહાર



ટ્રુડી લુડવિગ

ચિત્ર : ક્રેગ

"હું અસાધારણ અતીત વાળો, એક બહુ સાધારણ વ્યક્તિ છું."

આ સાચી અને મન ને ભાવવિભોર કરનારી વાર્તા માં, બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન નાઝી યાતના અને મૃત્યુ શિબિર માં જીવતો રહેનાર માણસ, આલ્ટર વેઈનર, યુવા પાઠકો ને એ ઘટના વિષે બતાવે છે જયારે એક અજાણી વ્યક્તિ એ નૈતિક બહાદુરી થી વારે-વારે દયા દેખાડી અને પોતાનો જીવ જોખમ માં મૂક્યો.


"શું કામ ,મેં મારી જાત ને પૂછ્યું, શું કામ એ અજનબી એક વાર નહીં પણ 30 વખત પોતાનો જીવ જોખમ માં મૂકવા તૈયાર થઈ? મારે માટે એણે એવું શું કામ કર્યું?"

"દુશ્મન નો ઉપહાર" પુસ્તક બતાવે છે કે સામાજિક ન્યાય અને દયા, કોઈ ના જીવન ને કેવી રીતે બદલી શકે છે. માતા-પિતા અને શિક્ષક ને આ વાર્તા માં એક મૂલ્યવાન સાધન મળશે જેનાથી બાળકો ને તેમની વય અનુસાર ઘૃણા, રૂઢિવાદીતા, અને પૂર્વગ્રહ ના જોખમો ને સમજવાની મદદ મળશે.

દુશ્મન નો ઉપહાર

ટ્રુડી લુડવિગ

ચિત્ર : ક્રેગ



થોડા લોકો છે જે કહે છે કે મેં જે વાસ્તવિકતા નો સામનો કર્યો એ ક્યારેય બની જ નથી. પણ હું અહીં તમને એ બતાવવા ચાહું છું કે મારી જિંદગી માં એ બધું જ બન્યું છે. મારુ નામ આલ્ટર વેઈનર છે અને હું એક અસાધારણ અતીત વાળો, એક બહુ જ સાધારણ વ્યક્તિ છું.

ઘણા વર્ષો પહેલા હું પણ તમારી જેમ નાનો હતો. હું મારા પરિવાર સાથે પોલેન્ડ ના દક્ષિણ-પશ્ચિમ ખૂણા ના નાના શહેર ક્રઝાનો માં રહેતો હતો.

એ સમયે, અમારા ઘર માં પાઇપ વાટે પાણી આવતું ન હતું. અમારી પાસે રેફ્રિજરેટર, સેલ ફોન, ટીવી કે કમ્પ્યુટર ન હતા. અમારી પાસે ગાડી પણ ન હતી. અમે ઘણી વાર ચાલી ને જતા હતા.



અમે એક બહુ સીધું-સાદું જીવન જીવતા હતા. તો પણ, અમારું ઘર પુસ્તકો, ભોજન, હાસ્ય અને પ્રેમ થી ભર્યું હતું.





દરેક શુક્રવારે પાપા કોઈ એક ગરીબ છાત્ર અથવા કોઈ બેઘર વ્યક્તિ ને, અમારી સાથે સેબથ (યહૂદીઓ ના રજા નો દિવસ) ના ભોજન માં સહભાગી થવા લાવતા હતા. સૂર્યાસ્ત સમયે, અમે સેબથ ના સ્વાગત માં મીણબત્તી સળગાવતા હતા અને પ્રાર્થના કરતા હતા. એ પછી અમે માઁ એ બનાવેલું તાજું ભોજન કરતા હતા. હું તાજી પાઉંરોટી નો એક ટુકડો ખાવા માટે વધારે રાહ નહોતો જોઈ શકતો. એનો એક-એક કોળિયો સ્વર્ગીય હતો!

માઁ અદ્ભૂત ખાવાનું બનાવતી હતી. એ રસોડા માં કલાકો વિતાવતી હતી અને પાપા, મારા ભાઈઓ શમુએલ, હિર્ષ અને મારા માટે ખુબ સ્વાદિષ્ટ ભોજન બનાવતી હતી.

મારી માઁ બહુ દરિયાદિલ હતી. "ઠંડી થી બચવાના બે રસ્તા છે," એ ઘણી વાર કહેતી હતી. "પોતાને ગરમ રાખવા કાં તો તમે રૂંવાટી વાળો કોટ પહેરી શકો છો, અથવા આગ સળગાવી શકો છો જેથી બીજા પણ ગરમ રહી શકે."

માઁ એ સુનિશ્ચિત કર્યું કે અમે આપણા થી ઓછા ભાગ્યશાળી લોકો ને ભોજન અને આશ્રય પ્રદાન કરશું - શાંતિ ના સમયે પણ અને પછી યુદ્ધ દરમ્યાન પણ.





સપ્ટેમ્બર 1, 1939 ના દિવસે જર્મન નાઝી સૈનિકો એ, એના નેતા એડોલ્ફ હિટલર ના આદેશ થી મારા દેશ પોલેન્ડ પર કબ્જો કર્યો. પોલેન્ડ ની સેના એટલી બળવાન ન હતી કે એ અમારી સીમાઓ અને લોકો ની રક્ષા કરી શકે. હજારો લોકોએ ભાગવાની કોશિશ કરી, જેમાં મારો પરિવાર પણ સામેલ હતો, પણ અમારી પાસે જવા માટે કોઈ જગ્યા ન હતી. હિટલર ની સેનાએ અમને ચારે બાજુ થી ઘેરી લીધી હતી.

મારા પાપા એક વિચારશીલ અને શાંતિપૂર્ણ સ્વભાવ ના વ્યક્તિ હતા. પાપા એ મને અને મારા ભાઈઓ ને નફરત નો અસ્વીકાર કરવાનું શીખવાડયું. બીજી બાજુ, હિટલરે એના લોકો ને નફરત ગળે લગાવવાનું શીખવાડયું.

એની નફરત શબ્દો થી શરુ થઈ હતી. શરૂઆત માં તેઓ દુઃખદાયક શબ્દો ગુસપુસ અવાજ માં બોલતા હતા, પણ પછી પાડોશી અને અજનબી બંને પર બરાડતા હતા. એ શબ્દો એ ઘણા લોકો ના મન અને મગજ માં એની પકડ જમાવી લીધી અને એનું ઘણું ખરાબ પરિણામ આવ્યું.

જયારે હિટલર સત્તા પર આવ્યો, તો એણે એની સેના ને એવા લાખો લોકો ને શોધવાનો, કેદી બનાવવાનો અને મારી નાખવાનો આદેશ આપ્યો, એવા વૃદ્ધ અને જુવાન લોકો ને, જે હિટલર ના લોકો થી અલગ દેખાતા, વિચારતા અને કામ કરતા હોય. હિટલર મતભેદો ને નફરત કરતો હતો.

જર્મન સેના નો કબ્જો અમારા શહેર માં બધા માટે કઠિન હતો, પણ એ યહૂદી લોકો માટે સૌથી કઠિન હતો કારણકે અમે હિટલર ની નફરત ની યાદી માં સૌથી ઉપર હતા.

અમારી આઝાદી અને અધિકાર છીનવી લેવામાં આવ્યા.

અમારા બાળકો સ્કૂલ નહોતા જઈ શકતા.

અમે અમારા પૂજાઘર માં પ્રાર્થના નહોતા કરી શકતા.

અમે અમારી પસંદ ના પાર્ક અથવા ખેલ ના મેદાનો માં પણ જઈ નહોતા શકતા.

સંચારબંધી એ અમને અમારા જ ઘર માં કેદી બનવા મજબૂર કરી દીધા.



આ નફરત ને કારણે ઘણા સારા અને સભ્ય લોકો એ પોતાના પ્રાણ ખોયા - જેમાં મારા મિત્રો અને પરિવાર ના સભ્યો પણ સામેલ હતા.

હું 13 વર્ષ નો હતો જયારે જર્મન સૈનિકો એ મારા શહેર માં કવાયત કરી અને એણે મારા પાપા ને મારી નાખ્યા.

હું 14 વર્ષ નો હતો, જયારે અડધી રાત્રે, એ અમારા ઘર માં ઘુસી આવ્યા અને મારા મોટા ભાઈ શમુએલ ને લઈ ગયા.



હું 15 વર્ષ નો હતો જયારે નાઝી મારે માટે આવ્યા હતા. મને માઁ અને મારા નાના ભાઈ હિર્ષ ને ભેટવાનો પણ મોકો ન મળ્યો. એ એમની સાથે મારુ આખરી મિલન હતું. એ પછી મેં એમને ક્યારેય ન જોયા.

મને અને બીજા ઘણા લોકો ને, દયા, કરુણા, આદર અને ગરિમા થી દૂર, કોઈ યાતના શિબિર માં ટ્રેન દ્વારા ઢોર ની જેમ લઈ જવામાં આવ્યા.





મને વારે-વારે બહુ ગીચ અને ગંદી પરિસ્થિતિવાળા, એક જેલ ના લેબર કેમ્પ થી બીજી જેલ માં લઈ જવામાં આવ્યો. મને રોજ લાંબા સમય સુધી કામ કરવા મજબૂર કરવામાં આવ્યો. સંત્રીઓ એ કેદીઓ સાથે ક્રૂર વહેવાર કર્યો અને કોઈ દયા ન દાખવી. કેદીઓ ને ખાવા માટે ક્યારેય પર્યાપ્ત ભોજન મળતું ન હતું. હું હંમેશા ભૂખ્યો રહેતો હતો. જયારે મને બહુ ભૂખ લાગતી હતી ત્યારે હું માઁ અને એમના બનાવેલા અદ્‌ભૂત વ્યંજનો વિષે વિચારતો હતો. હું ઘરે બનાવેલી પાઉંરોટી નો ફક્ત એક નાનો ટુકડો ચાખવા માટે કંઈ પણ કરવા તૈયાર હતો.

આવી રીતે મહિનાઓ વીતી ગયા. પછી વર્ષો સુધી ભોજન ની કમી અને પીડા થી મારુ પેટ ખાલી થઈ ગયું અને મારુ મન ભારે થઈ ગયું.

હવે મારી પાસે ફક્ત એક-બે દિવસ વધારે જીવતા રહેવા ની તાકાત અને ઇચ્છાશક્તિ બચ્યા હતા. ત્યારે મારી સાથે કંઈક આશ્ચર્યજનક થયું : મને એક અજનબી પાસેથી કંઈક ઉપહાર મળ્યા. અને એ કોઈ સાધારણ અજનબી ન હતી. એ એક એવી અજનબી હતી જેને હું મારી દુશ્મન સમજતો હતો.

વાત એ સમય ની છે જયારે હું એક જર્મન ફેક્ટરી માં કામ કરતો હતો. કારખાના ની દીવાલો પર બધા જર્મન કર્મચારીઓ માટે નીચે ની સૂચનાઓ લખી હતી :

કેદીઓ તરફ જોવું નહીં.

કેદીઓ સાથે વાત ન કરવી.

કેદીઓ ને કંઇ આપો નહીં.

જો કોઇ એ એવું કર્યું તો એની

જિંદગી બરબાદ થઇ જશે.

એક દિવસ, એક જર્મન કર્મચારી એ મારી સાથે આંખ મિલાવી. જયારે મારુ ધ્યાન એની તરફ ગયું, તો એણે ફર્શ પર પડેલા એક ડબ્બા તરફ એની આંગળી થી ઈશારો કર્યો. જિજ્ઞાસાપૂર્વક, હું એ જગ્યા એ ત્યારે ગયો જયારે મને કોઇ જોઇ નહોતું રહ્યું અને મેં એ ડબ્બો ખોલ્યો.



મને શું મળ્યું? એ સૌથી ઉમદા ઉપહાર હતો જેના સ્વપ્ન હું જોઈ શકતો હતો ... બ્રેડ અને પનીર ની સેન્ડવિચ! મને મારી આંખો પર વિશ્વાસ ન થયો! મેં સેન્ડવિચ ઉઠાવી અને એ પહેલા કે કોઈ મને જોઈ જાય, મેં એને ખાઈ લીધી.

એનાથી પણ આશ્ચર્ય ની વાત એ હતી કે એ જર્મન મહિલા એ મારે માટે આગલા 30 દિવસો સુધી (જ્યાં સુધી મેં ત્યાં કામ કર્યું), રોજ એજ ડબ્બા માં એક બ્રેડ અને પનીર ની સેન્ડવિચ મૂકી!





શા માટે, મેં મારી જાત ને પૂછ્યું; શા માટે એ અજનબી એક વાર નહીં પણ 30 વખત, એનો જીવ જોખમ માં મુકવા તૈયાર થઈ? હું જ શા માટે? શું એ મહિલા નો મારી ઉમર નો દીકરો હતો? કદાચ એ માટે એને મારે માટે સહાનુભૂતિ થઈ? શું એ એક ધાર્મિક વ્યક્તિ હતી જે માનતી હતી કે અસહાય લોકો ને મદદ કરવી એના કર્તવ્ય અને ધર્મ હતા?

આજ સુધી મને, એના ખવડાવવાનું કારણ ખબર નથી પડી. મને એ ખબર છે કે એણે મને ઉર્જા અને જીવિત રહેવાની આશા આપી. પણ એના દયાળુ કૃત્યોએ મને વિચારવા મજબૂર કર્યો : હું કેવી રીતે ભરોસો કરું કે બધા જર્મન મારા દુશ્મન છે જયારે આ જર્મન મહિલા એ મારે માટે એનો જીવ જોખમ માં મુક્યો હતો? ત્યારે હું જીવન માં મારો સૌથી મહત્વપૂર્ણ બોધપાઠ શીખ્યો : લોકો ના કોઈ પણ સમૂહ માં, હંમેશા થોડા દયાળુ અને થોડા ક્રૂર લોકો હોય છે. તમે જીવન માં જેને મળો છો એ કોણ છે એના કરતા તમારી સાથે કેવો વ્યવહાર કરે છે, એ વધારે મહત્વનું છે.

મે 1945 માં, રુસી સેના અમારી શિબિર માં પહોંચી, અને અમને જણાવ્યું કે યુદ્ધ સમાપ્ત થઇ ગયું છે અને જર્મની યુદ્ધ હારી ગયું છે, અને અમે આખરે મુક્ત હતા! મેં મારી બહાદુર જર્મન નાયિકા ની ઓળખ કાઢવાની અને મળવાની બહુ કોશિશ કરી, પણ હું એને શોધી ન શક્યો. તો પણ, એક પણ દિવસ એવો ન વીત્યો જયારે મેં એ અદ્ભૂત મહિલા વિષે વિચાર્યું ન હોય, અને એના સાહસ અને દયા માટે એને ધન્યવાદ ન આપ્યા હોય.





યુદ્ધ પૂરું થયે ઘણા વર્ષો વીતી ગયા છે. હું હવે વૃદ્ધ થઈ ગયો છું, પણ મારી અતીત ની યાદો હજુ પણ પ્રબળ છે. પ્રત્યેક શુક્રવારે સૂર્યાસ્ત ને સમયે, હું સેબથ નું સ્વાગત મીણબત્તી સળગાવીને અને પ્રાર્થના સાથે કરું છું, એ પછી શુભ ભોજન ને પુજુ છું. હવે, જયારે હું પાઉંરોટી ને કાપું છું, ત્યારે મને ફક્ત સ્વર્ગ નો સ્વાદ નથી આવતો, મને આઝાદી નો સ્વાદ પણ આવે છે.





અંત ના શબ્દો

એક જૂની કહેવત છે કે ચાલાક લોકો પોતાના અનુભાવો થી શીખે છે, પણ એક બુદ્ધિમાન વ્યક્તિ બીજા ના અનુભવો થી પણ શીખે છે. ઘણા લોકો જેણે ચર્ચ માં, ધર્મમંદિરો માં, સ્કૂલો માં મારી પ્રસ્તુતિઓ સાંભળી છે, અને મારી આત્મકથા સાંભળી છે, એમણે વ્યક્તિગત રૂપ થી મને કહ્યું છે કે મારા જીવન ની વાર્તા નો એમના જીવન પર એક સકારાત્મક પ્રભાવ પડયો છે. "તમારી વાર્તા મોટા અને યુવાન લોકો ને, ફરી સંભળાવવી જોઈએ," એમણે મને કહ્યું. "વર્તમાન અને આવનારી પેઢી ને કત્લેઆમ (હોલોકોસ્ટ) ને યાદ રાખવી જોઈએ, એમાંથી શીખવું જોઈએ, અને ફરી નરસંહાર ન થાય, એને રોકવા માટે સંભવ પ્રયાસ કરવો જોઈએ."

નફરત ની કોઈ સીમા નથી હોતી

દ્વિતીય વિશ્વ યુદ્ધ માં, દરેક યહૂદી એક શિકાર હતો, પણ હિટલર ના હિટ-લિસ્ટ માં યહૂદી, પૂજારી, મૌલવી, આફ્રો-જર્મન, રુસી, ઝેક, પોલ, સર્બ, રાજનીતિક અસંતુષ્ટો સિવાય વિકલાંગ લોકો પણ હતા. કારણકે હિટલર નું માનવું હતું કે જર્મન લોકો એક શ્રેષ્ઠ માનવ જાતી ના સદસ્ય હતા, જેને એણે "આર્યન" કહ્યા, અને એણે બધા "બિન-આર્યન" ને અમાનવીય માન્યા. વિશેષ રૂપ થી એણે યહૂદીઓ ને નષ્ટ કરવા બધું જ કર્યું. ઘણા જર્મન લોકો એ એના નેતા સાથે અસહમત થવા પર દંડિત થવા ના ભય થી, હિટલર ની જાતિવાદી વિચારધારા સામે ઘૂંટણ ટેકવી દીધા.

"દુશ્મન નો ઉપહાર" પુસ્તક ના પાઠક એ બાળકો હશે જેણે કદાચ ક્યારેય અનુભવ નહીં કર્યો હોય કે મેં યુવાની માં શું સહન કર્યું હતું. ઉદાહરણ તરીકે, વાલ્ડેનબર્ગ યાતના શિબિર માં, નાઝીઓ એ મારું નામ છીનવી લીધું અને મને ફક્ત એક નંબર આપી દીધો. મને ઠંડી ના ખરાબ મોસમ માં બચાવ માટે ગરમ કપડાં, મોજા અને બૂટ ને બદલે, ફક્ત એક જર્જરિત ગણવેશ અને લાકડા ની પાદુકા મળી. મારે સુવા માટે, ગાદલા, તકિયા અને ચાદર સિવાય નું એક લાકડા નું સાંકડું પાટિયું હતું, જે મારા ટેબલ અને ખુરસી તરીકે પણ કામ લાગતું હતું. મારી પાસે કોઈ કપ કે ગ્લાસ ન હતો. મને જે થોડું ખાવાનું મળતું હતું, એને માટે એકમાત્ર વાસણ એક છીછરો કટોરો હતો. મારી પાસે કોઈ ટુવાલ, દાંતિયો કે ટૂથબ્રશ ન હતા. હું મારો ચહેરો જોઈ નહોતો સકતો કેમકે મારી પાસે અરીસો ન હતો. તેના બદલે, મારી આંખો બધી બાજુ માનવ પીડા જ જોઈ સકતી હતી.
મારી કિશોરાવસ્થા દરમ્યાન, હું મારી જિંદગી ન જીવી શક્યો, હું ફક્ત જીવિત હતો. મને કેવળ મરવાનો અધિકાર હતો. પાંચ વર્ષ થી અધિક સમય સુધી, મારી ઉપર પ્રતિદિન અત્યાચાર થયા - મેં જે કર્યું હતું તેને માટે નહીં, પણ એટલે કે હું એક યહૂદી હતો.
મને આશા છે કે "દુશ્મન નો ઉપહાર" યુવા પાઠકો ને એ સમજવા માં મદદ કરશે કે દુષ્ટ અને ભલા લોકો હરેક સમૂહ અને સમુદાય માં મળી શકે છે. કોઈ પણ સમુદાય માટે રૂઢીબદ્ધ ધારણા બાંધવી અન્યાયપૂર્ણ વાત છે. કોણ જાણે છે કે આપણી સભ્યતા કેટલી આગળ વધત જો એટલા લોકો ને મારવા કરતા, એમને ફૂલવા-ફાલવા દીધા હોત તો? આજ ના બાળકો માટે પણ મારી પ્રબળ ઈચ્છા છે કે તેઓ આ દુનિયા ને બધા માટે એક વધારે સારી, અધિક દેખભાળ કરવાવાળી જગ્યા બનાવવાની આશા માં ક્યારેય નાસીપાસ ન થાય.

આલ્ટર વેઈનર, ફ્રોમ એ નેમ ટુ એ નંબર - એક હોલોકોસ્ટ માં થી બચી જનાર ની આત્મકથા ના લેખક

યુદ્ધ માં પ્રલય અને એક દુનિયા

હોલોકોસ્ટ દ્વિતીય વિશ્વયુદ્ધ દરમ્યાન લગભગ 60 લાખ યુરોપીય યહૂદીઓ ના સિતમ અને સામુહિક હત્યા નું વર્ણન કરતો શબ્દ છે. જયારે 1930 ના દશક ની શરૂઆત માં નાઝી પાર્ટી ના નેતા એડોલ્ફ હિટલર જર્મની માં સત્તા પર આવ્યા, તો એણે અને એના સમર્થકો એ મુખ્ય રૂપ થી યહૂદી લોકો ને એના દેશ ની સમસ્યાઓ માટે દોશી ઠેરાવ્યા અને એને "હલકી" કક્ષા ના માન્યા. એના અનુયાયીઓ ને ખાતરી કરાવી ને કે યહૂદી લોકો જર્મન રાષ્ટ્ર અને જાતી માટે ખતરો છે, હિટલરે લાખો નિર્દોષ પુરુષો, મહિલાઓ અને બાળકો વિરુદ્ધ અત્યાચાર નો માર્ગ અપનાવ્યો.

1939 થી 1945 સુધી ચાલેલા આ યુદ્ધ માં, કેવળ યુરોપીય યહૂદીઓ જ ન હતા જેણે હિટલર અને એના સહયોગીઓ ના જુલ્મ નો સામનો કર્યો, જેમાં ઘણા રાષ્ટ્રો સામેલ હતા, જેના પરિણામસ્વરૂપ દુનિયા ભર માં 5 કરોડ થી વધારે લોકો નો જીવ ગયો. આખા યુરોપ, ઉત્તરી આફ્રિકા, એશિયા, એટલાન્ટિક અને પ્રશાંત મહાસાગર ની સાથે-સાથે ભૂમધ્ય સાગર માં ફેલાયેલી લડાઈ સાથે, દ્વિતીય વિશ્વ યુદ્ધ ને, માનવ જાતી ના ઇતિહાસ માં સૌથી વ્યાપક,વિનાશકારી યુદ્ધ માનવામાં આવે છે.